ક્રિ.કે.નં.–૩૨૬૦/૨૦૨૪

આંક– ૩૩નુ સાંધણ



**સોગંધ આપ્યા**

**ફરીયાદપક્ષ તર્ફે બચાવપક્ષના સાહેદ નં.૧તરીકે આરોપી હીરાલાલ ગુલાબરાય મનસુખાનીની આંક–૩૩ની સોગંધ ઉપરની સરતપાસ લગત વધુ ઉલટ તપાસ ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી ડી.એસ.કાપડીયા**

(૨) એ વાત ખરી છે કે, આ કેસમા હાજર થયા બાદ આંક–૭થી તા. ૯/૧૦/૨૪ના રોજ મારો જવાબ લેવામા આવેલ છે. એ વાત ખરી છે કે, મે મારા જવાબમા કેસના કાગળ એટલે કે ફરીયાદ,નોટીશ, મેમો મળેલ છે. મે સોગંધ ઉપર જુબાની આપતા પહેલા આ કેસના કામની ફરીયાદ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ચેક,મેમો તથા નોટીશની હકીકત વાચેલ છે. એ વાત ખરી છે કે, આંક–૧૦ની નોટીશ મને તા. ૨૪/૬/૨૪ના રોજ આપવામા આવેલ છે.

સવાલ :– તમને ચેક અનાદરની નોટીશ આપ્યાબાદ તમારી પત્ની મમતાબેનના ઈન્કમટેકસ રીર્ટન તા. ૧/૮/૨૪ના રોજ ફાઈલ કરેલ છે?

જવાબ :– મને યાદ નથી.

મને એ વાતની ખબર નથી કે ઈન્કમટેકસ રીર્ટન હીસાબી વર્ષમા માર્ચ સુધી ભરવાના હોય છે. હુ મારા ઈન્કમટેકસ રીર્ટન મારા સીએ યુનુસભાઈ સાકીર પાસે ફાઈલ કરાવુ છુ. મારી પત્ની મમતાબેનના ઈન્કમટેકસ રીર્ટન યુનુસભાઈ પાસે ફાઈલ કરાવુ છુ. મે મારા તમામ એકાઉન્ટની વીગત આધાર પુરાવા મારા સીએને આપેલ છે તે મુજબ ઈન્કમટેકસ રીર્ટન ફાઈલ કરે છે. એ વાત ખરી છે કે, મે મારી પત્ની મમતાબેનના આવક જાવકના આધાર પુરાવા મારા સીએને આપેલ તે મુજબ તેઓએ ઈન્કમટેકસ રીર્ટન ફાઈલ કરેલ છે. એ વાત ખરી છે કે, અમારા હીસાબના આધાર પુરાવા અમારા સીએ પાસેથી મળે તેમ છે. હુ મારા તથા મારી પત્નીના આવક જાવકના આધાર પુરાવા સીએ પાસેથી મેળવી જરુર જણાશે તો રજુ રાખવા ખુશી છુ. અમારા સીએને ત્યા મરણ થયેલ હોય જેથી કેટલા સમયમા આ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવા માગુ છુ તે હુ સમય કહી શકુ નહી. મને એ વાતની ખબર નથી મુસ્લીમ સરીયાતમા મરણોતપર્યન્તની ક્રીયાઓ કરવામા પાંચ દીવસનો સમય લાગે છે. એ વાત ખરી છે કે, હીન્દુ ધર્મ મુજબ મરણોતપર્યન્તની ક્રીયાઓ કરવામા તેર દીવસનો સમય લાગે છે. મે મારા સીએને મારા તથા મારી પત્નીના આવક જાવકના આધાર પુરાવાના ચોપડા આપેલ નથી માત્ર માહીતી આપેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે આપેલ વીગતો મુજબ સીએએ ઈન્કમટેકસ રીર્ટન ભરેલ છે. એ વાત ખરી છે કે, સીએને અસલ ચોપડા આપેલ નથી. એ વાત ખરી છે કે, મારા હીસાબી ચોપડાઓ ઉપરથી તેયાર કરેલ માહીતી મારા સીએને હુ લ ેખીતમા આપુ છુ તેવી માહીતીની કોપીઓ મે આ કામે રજુ રાખેલ નથી. મે મારા સીએને હીસાબી ચોપડાઓ ઉપરથી તૈયાર કરીને લેખીતમા આપેલી માહીતીવાળો કાગળ મારી પાસે હશે તો હુ રજુ કરવા ખુશી છુ.

સવાલ:– સીએ પોતાના કલાઈન્ટના ઈન્કમટેકસ રીર્ટન ફાઈલ કરવા માટે કલાઈન્ટ દવારા સીએને આપવામા આવેલ દસ્તાવેજો, માહીતી,ઈન્કમટેકસ રીર્ટનની જે તે કલાઈન્ટને ફાઈલ નીભાવે છે?

જવાબ :– મારે મારા સીએને પુછવુ પડશે.

અમારા સીએને ત્યા મરણ થયેલ હોવાથી તેની ક્રીયાઓ કયારે પતે તેનો ખ્યાલ ન હોવાથી હુ આ હકીકત સીએને કેટલા સમયમા પુછીને જણાવી શકુ તે સમયગાળો કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, હુ મારા સીએલને મારા તથા મારી પત્નીના આવક જાવકના હીસાબી ચોપડા પુરો પાડતો નથી પરંતુ તે ચોપડાઓ ઉપરથી માહીતી તૈયાર કરીને પુરી પાડુ છુ તેના આધારે મારા સીએ મારા તથા મારી પત્નીના હીસાબી ચોપડાઓ જોયા સીવાય મારા દવારા પુરી પાડવામા આવેલી તૈયાર કરેલ માહીતીના આધારે અમારો ઈન્કમટેકસ રીર્ટન ભરે છે. એ વાત ખરી છે કે, મારા તથા મારી પત્નીના આવક જાવકના હીસાબી ચોપડા મે અમારા સીએ પાસે કે કોર્ટમા રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મે મારુ આકારણી વર્ષ સને ૨૦૨૪–૨૫નુ ઈન્કમટેકસ રીર્ટન તા. ૨૭/૧૨/૨૪ના રોજ ભરેલ છે. એ વાત ખરી છે કે, મારી પત્નીનુ આકારણી વર્ષ સને ૨૦૨૩–૨૪નુ ઈન્કમટેકસ રીર્ટન તા. ૩૧/૭/૨૪ના રોજ ભરેલ છે તથા આકારણી વર્ષ સને ૨૦૨૪–૨૫નુ ઈન્કમટેકસ રીર્ટન તા. ૫/૩/૨૫ના રોજ ભરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તા. ૩૧/૭/૨૪ના રોજ ભરેલ ઈન્કમટેકસ રીર્ટન આકારણી વર્ષ સને ૨૦૨૨–૨૩નુ ભરેલ છે. એ વાત ખરી છે કે, મે આકારણી વર્ષ સને ૨૦૨૨–૨૩ના વર્ષના ઈન્કમટેકસ રીર્ટન તા. ૩૧/૭/૨૪ના રોજ ફાઈલ કરેલ તે વખતેમારા તથા મારી પત્નીના હીસાબના આવક જાવકના ચોપડા મારી પાસે હતા તે જોઈને ઈન્કમટેકસ રીર્ટન ભરાવેલ છે. એ વાત ખરી છે કે, મે આકારણી વર્ષ સને ૨૦૨૪–૨૫ના વર્ષના ઈન્કમટેકસ રીર્ટન તા. ૫/૩/૨૫ના રોજ ફાઈલ કરેલ તે વખતે મારા તથા મારી પત્નીના હીસાબના આવક જાવકના ચોપડા મારી પાસે હતા તે જોઈને ઈન્કમટેકસ રીર્ટન ભરાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવેછે કે મારી પત્નીની આવક જાવકની માહીતી વીશે હુ મારી પત્નીને વધુ સવાલ જવાબ કરતો ન હોય જેથી તે વીશે મને બહુ જાણકારી નથી પરંતુ મારી પત્ની તે કહી શકે.

(૩) મારી પત્નીએ ટયુશન કોચીગ કલાસ કયા વર્ષમા શરુ કર્યા તેની મને જાણકારી નથી. મારી પત્નીએ ટયુશન કોચીગ કલાસ આશરે બે ત્રણ વર્ષ પહેલા શરુ કરેલ છે. મે મારી પત્નીના કોર્ટમા રજુ રાખેલ ઉધોગ રજીસ્ટ્રેશનના દસ્તાવેજો વાંચેલ નથી. એ વાત ખરી છે કે, મારી પત્નીની વાર્ષીક આવક જાવક ચોકકસ કેટલી છે તેની મને જાણકારી નથી. મારી પત્નીની સને ૨૦૨૩ના વર્ષમા વાર્ષીક આવક જાવક અંદાજીત કેટલી હતી તેની પણ મને માહીતી નથી. મારી પત્નીની સને ૨૦૨૪ના વર્ષમા વાર્ષીક આવક જાવક અંદાજીત કેટલી હતી તેની પણ મને માહીતી નથી. મને એ વાતની જાણકારી નથી કે કેન્દ સરકારના ઉધોગમા કોઈ પણ સંસ્થા રજીસ્ટ્રેશન કરાવી હોય તો દર વર્ષે તે સંસ્થાનુ ઈન્કમટેકસ રીર્ટન ભરવુ તથા ઓડીટ કરાવવુ જરુરી છે. મને એ વાતનુ પાકકુ દયાન નથી કે હુ જયારે સીએ પાસે મારી પત્નીનુ ઈન્કમટેકસ રીર્ટન ફાઈલ કરાવવા ગયો ત્યારે સીએએ ઉધોગ અંગેના ઓડીટ રીપોર્ટ હીસાબ કીતાબના ચોપડા માગેલા. એ વાત ખરી છે કે, મે રજુ રાખેલ મારી પત્નીના ઉધોગ રજીસ્ટ્રેશનના રજીસ્ટ્રેશન પ્રમાણ પત્ર મુજબ મારી પત્ની કોચીગ કલાસ ચલાવી આવક મેળવે છે તેવી મારી રજુઆત છે. મને એ વાતની ખબર નથી કે જે દીવસે અને જે વર્ષમા કોચીગ કલાસ શરુ કર્યો હોય ત્યારે તેનુ રજીસ્ટ્રેશન તે દીવસે હોવુ જરુરી છે. મને એ વાતની ખબર નથી કે બે ત્રણ વર્ષ પહેલા મારી

પત્નીએ કોચીગ કલાસનુ રજીસ્ટ્રેશન કરાવેલુ. હુ અંગ્રેજી સર્ટીફીકેટ વાંચી શકુ છુ. એ વાત ખરી છે કે, આંક–૪૭નુ પ્રમાણપત્ર જોઈને કહુ છુ કે સને ૨૦૧૯ના વર્ષમા કોચીગ કલાસનો ઉધોગ શરુ કરેલાનુ તેમા જણાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રજીસ્ટ્રેશન ૨૦૧૯ મા કરાવેલ છે પરંતુ કોચીગ કલાસ અંદાજે બે ત્રણ વર્ષથી ચલાવે છે. મારા મત પ્રમાણે અંદાજીત બે ત્રણ વર્ષની ગણત્રી સને ૨૦૨૫થી પહેલાના બે ત્રણ વર્ષની કરવાની છે.

સવાલ :– સને ૨૦૨૫ના વર્ષથી તમે અંદાજીત બે ત્રણ વર્ષ કહો છો તે સને ૨૦૨૨નુ વર્ષ છે કે સને ૨૦૨૩નુ વર્ષ છે?

જવાબ :– સને ૨૦૨૨નુ વર્ષ પણ હોઈ શકે અને સને ૨૦૨૩નુ વર્ષ પણ હોઈ શકે.

એ વાતની મને ખબર નથી કે કેન્દ્રં સરકારની યોજનાનો માત્ર મારી પત્નીએ કોચીગ કલાસ શરુ કર્યાનો લાભ લીધેલ છે સને ૨૦૧૯ના વર્ષમા તેનુ રજીસ્ટ્રેશન કરાવેલ છે. મને એ વાતની ખબર નથી કે મારી પત્નીએ કોચીગ કલાસ સને ૨૦૨૨–૨૩મા શરુ કર્યા તે વર્ષમા કેન્દ્ર સરકારમા તેનુ રજીસ્ટ્રેશન કરાવેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૪૭નુ ઉધોગ રજીસ્ટ્રેશન સને ૨૦૧૯ સને ૨૦૨૨–૨૩ના વર્ષમા કરેલ નથી નોટીશ આપ્યા બાદ તા. ૧/૮/૨૪ના રોજ ઉધોગનુ રજીસ્ટ્રેશન કરાવેલ છે. મને એ વાતની ખબર નથી કે રજીસ્ટર્ડ સંસ્થા ચલાવતા હોય તો વીર્ધાથીની ફી ની રસીદ આપવાની થાય છે.

સવાલ :– ઈન્કમટેકસ રીર્ટન ફાઈલ કરીને સીએને આપેલ માહીતી મુજબના તમારા વેપારના હીસાબી ચોપડા તેમજ તમારી પત્નીના કોચીગ કલાસના આવક જાવકના પુરાવા તમે કયાર સુધી રજુ કરી શકો તેમ છો?

જવાબ :– મારી પાસે હશે તો હુ રજુ કરીશ.

મને આ માહીતીઓ મારી પાસે ઉપલબ્ધ છે કે કેમ તે જોવા માટે અઠવાડીયાનો સમય લાગશે.

આ તબકકે સદર દસ્તાવેજી પુરાવાઓની માહીતી જોઈ અને હોય તો રજુ રાખેથી વધુ ઉલટ તપાસ માટે મુલત્વી.

તા. ૩૦/૪/૨૦૨૫ મારી રૂબરૂ
દાહોદ

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી અને કબુલ રાખેલ છે.

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ